| | |
|---|---|
| | દાખલ તારીખ : ૦૫–૦૩–૨૦૨૬<br>નોંધ્યા તારીખ : ૦૫–૦૩–૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૧૨–૦૩–૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૭ |

**ગીર–સોમનાથ જિલ્લાના મહે. એડીશ્નલ સેશન્સ જજ**

**(શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં, મુ. વેરાવળ**

**ફો. પ. અ. નં.૧૦૬/૨૦૨૬**
**આંક–**

| | |
|---|---|
| રાહુલ જગાભાઈ ચૌહાણ,<br>ઉ.વ.આ.૨૨, ધંધોઃ હિરા ઘસવાનો,<br>રહે. કોદીયા, તા. ગીર–ગઢડા,<br>જી. ગીર–સોમનાથ.<br>**(હાલ :– જિલ્લા જેલ, જૂનાગઢ)** | **.....અરજદાર/આરોપી** |
| **–:: વિરૂધ્ધ ::–** | |
| **શ્રી સરકાર** | **.....સામાવાળા/ફરિયાદી** |
| **અરજદાર તરફે** | **વિ. વકીલશ્રી ડી. એન. અપારનાથી.** |
| **શ્રી સરકાર તરફે** | **વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે. ડી. વાળા.** |

**બાબત :– બી. એન. એસ. એસ.ની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

**–:: જજમેન્ટ ::–**

(૧) આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ તાલાળા પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૧૮૬૦૦૭૨૫૧૩૭૭/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૬૪(૧), ૩૫૧(૨) તથા પોકસો એકટની કલમ–૪, ૬ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો અરજદાર/આરોપી વિરૂધ્ધ નોંધાયેલ હોય સદર ગુના સબબ અરજદાર/

આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે સરકારશ્રીને નોટીસ કરવામાં આવતા સરકારશ્રી તરફે વિ. પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે. ડી. વાળા હાજર થયેલ છે અને તેઓએ ત. ક. અમલદારશ્રીનું સોગંદનામું રજૂ કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ. વકિલશ્રી ડી. એન. અપારનાથીની દલીલ છે કે, ભોગ બનનાર ૧૪ વર્ષની છે, ફરિયાદ મુજબ તેણીએ રાડ પાડતા તેમની માતા જાગી ગયેલા અને ભોગ બનનારને લાકડા રાખેલ તે બાજુ લઇ અને છરી બતાવી બળ જબરજીથી શરીર સંબંધ બાંધેલ છે તેવી ફરિયાદ છે, પરંતુ ખરેખર આ ફરિયાદ ઉભી કરવામાં આવેલી છે, ખોટી હકીકતો જણાવેલ છે, ભોગ બનનારની બહેનના નિવેદન મુજબ બંને વચ્ચે પ્રેમ હતો, ફોટા રજૂ કરેલ છે. ખરેખર રાત્રે ફોનમાં વાત કરતા તેમના મા–બાપ જાગી ગયેલ જેથી ખોટી ફરિયાદ કરેલ છે. ડોકટર રૂબરૂ જે હિસ્ટ્રી આપેલ છે તેમાં કોઇ અજાણ્યા ઇસમે છરી બતાવેલ અને કોઇ ચાર અજાણ્યા માણસો ઉઠાવી ગયેલા. બે જણે હાથ પકડી રાખેલા એક જણે કપડા ઉતારી નાખેલા તેવી હિસ્ટ્રી આપેલ છે. જે હકીકતથી તદ્દન વિરૂધ્ધની હકીકત જણાવતા હોય ખોટો કેસ ઉભો કરેલ હોય તેવું માની શકાય તેમ છે અને અરજદાર કયાંય નાશી ભાગી જાય તેમ નથી. નામદાર કોર્ટ જે શરતો ફરમાવે તેવી શરતોનું પાલન કરવા રાજીખુશી અને તૈયાર હોય જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) ફરિયાદપક્ષે વિ. પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે. ડી. વાળાની દલીલ છે કે, ભોગ બનનાર ૧૪ વર્ષની સગીર છે, છરી બતાવી શરીર સંબંધ

બાંધેલ છે, પુરતા સંજોગો હોય ચાર્જશીટ કરેલ છે. અરજદારે જે તકરાર લીધેલ છે તે પુરાવો લીધા બાદ નકકી થઇ શકે અને હાલના તબકકે પુરાવો જોવાનો હોતો નથી. જેથી અરજી નામંજૂર કરવા વિનંતી છે.

(૫) બંને પક્ષકારોની દલીલો, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું રજૂ થયેલ છે. રજૂ થયેલ સોગંદનામું, અરજદાર તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા અને ચાર્જશીટ સાથે રજૂ થયેલ કાગળો વંચાણે લેતાં ફરિયાદ મુજબ ફરિયાદીએ એવી હકીકત લખાવેલ છે કે,અમારા મકાનના રૂમમાં સુઇ ગયેલ અને મારા સસરા અમારા ઓસરીની બાજુ ના રૂમમા સુતેલ હતા અને મારા સાસુ ભાવનાબેન તથા મારી દીકરી હેમાંક્ષી ઓસરીમાં સુતેલ હતી બાદમાં તા. ૨૮/૧૨/૨૦૨૫ ના રાત્રીના આશરે દોઢેક વાગ્યાના સમયે મારી દીકરી હેમાંક્ષીએ રાડ પાડતા અમો બધા જાગી ગયેલ અને મારી દીકરી હેમાંક્ષી ફળીયામાં ઉભીને રાડો પાડતી હતી અને અમોને જોઇ જતા તેની પાસેથી એક પુરૂષ દોડીને જતો રહેલ જેથી મે મારી દીકરી હેમાંક્ષીને પૂછતા તેણે વાત કરેલ કે હુ અને દાદી ઓસરીમા સુતા હતા તે દરમ્યાન આશરે એકાદ વાગ્યાની આસપાસ રાહુલ જગાભાઇ ચૌહાણ રહે.કોદીયા તા. ગીરગઢડા વાળો મારી પાસે આવી મારા કમરના ભાગે છરી રાખી મને કહેલ કે કઈ બોલતી નહીં તેમ કહેતા હું ડરી ગયેલ જેથી હું કંઇ બોલેલ નહીં અને આ રાહુલ મને પકડી મકાનના રસોડાની બાજુમાં નવેળી આવેલ તેની બાજુમાં લાકડા રાખેલ ત્યાં મને લઈ ગયેલ ત્યાં મારી સાથે બળજબરી કરી મારા કપડા ઉતારી મારી સાથે શરીર સંબંધ બાંધેલ અને મને કહેલ કે આ વાત કોઇને કહીશ તો તને તથા તારા પરીવારને પતાવી દઈશ તેમ ધમકી આપેલ બાદમાં મે રાડારાડી કરતા તમો બધા જાગી જતા આ રાહુલ ત્યાંથી દોડીને ભાગી ગયેલા ની વાત મારી દીકરીએ હેમાંક્ષીએ અમોને કરેલ બાદમાં મારી દીકરી હેમાંક્ષી રડતી હોય જેથી સમાજમાં આબરૂ જવાની બીકે આ વાત

કોઇને કરેલ નહીં તે મુજબની ફરિયાદ આપેલ છે.ચાર્જશીટના કાગળો પણ અરજદાર તરફે રજૂ થયેલા છે તેમાં ભોગ બનનારની બહેનપણી વિવિક્ષાબેનનું નિવેદન રજૂ થયેલ છે. તેમાં તેણે એવી હકીકત લખાવેલ છે કે, હેમાંક્ષીએ મને વાત કરેલ હતી કે મારે આ રાહુલ સાથે સગાઇ કરવી છે જેથી આ રાહુલે અગાઉ મારા ફોનમાંથી ફોન કરી ભોગ બનનાર સાથે વાત કરેલ હતી બાદમાં આ રાહુલે ભોગ બનનાર ને ફોન આપતા તે બંને ચોરી ચુપીથી વાત કરતા હતા બાદમાં ભોગ બનનાર પાસેનો ફોન તેની મમ્મી પાસે પકડાઇ જતા ભોગ બનનારે રાહુલ સાથે સબંધ હોવાની વાત કરી દીધેલ જેથી આ ભોગ બનનાર ને તેના ઘરના સભ્યોએ મારા ઘરે આવવાની ના પાડતા ભોગ બનનાર છેલ્લા ત્રણેક માસથી મારા ઘરે આવવાનું બંધ કરી દીધેલ હતું અને હું પણ તેના ઘરે જતી ન હતી અને મે ભોગ બનનાર સાથે બોલવાનુ પણ બંધ કરી દીધેલ હતું. તેમજ અરજદાર તરફે ભોગ બનનાર સાથેના જે ફોટા રજૂ થયેલા છે તે મુજબ પણ બંને સાથે બેઠેલા હોય અને ભોગ બનનાર અરજદારને વળગેલા હોય તેવું જણાય છે અને બંને વચ્ચે પ્રમે સંબંધ હોય તેમ માની શકાય તેમ છે અને ફરિયાદ હકીકત મુજબ ફરિયાદી અને તેના ઘરના સભ્યો સાથે સુતેલા હોય ત્યારે ભોગ બનનારને કોઇ વ્યકિત ઉઠાવી જાય અને છરી બતાવી બળજબરીથી શરીર સંબંધ બાંધે અને ભોગ બનનાર પાછી આવે ત્યારે ખબર પડે તેવું માની શકાય નહીં. ડોકટર રૂબરૂ જે હિસ્ટ્રી આપેલ છે તેમાં કોઇ અજાણ્યા માસોએ છરી બતાવેલી અને ચાર માણસો બળજબરીથી ઉપાડી ગયેલા એવું જણાવેલ છે અને છરી બતાવી અને એક જણે કપડા ઉતારી સંભોગ કરેલો તેવી હકીકત લખાવેલ છે તે હકીકત જોતાં ફરિયાદ ઉભી કરવામાં આવેલ હોય તેવું અનુમાન થઇ શકે તેમ છે. તેમજ ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે અને જો ટ્રાયલ પુરી થયા બાદ જો ફરિયાદ ઉભી કરેલી છે તેવું સાબિત થાય તો આરોપીને વિના કારણે જેલમાં રહેવું પડે તેમ હોય અરજદાર નિયમિત કોર્ટમાં હાજર રહેવાની ખાત્રી

આપતા હોય અને અરજદારની હાજરી ટ્રાયલ દરમ્યાન સુનિશ્ચિત કરી જામીન ઉપર મુકત કરવા ન્યાયિક જણાતું હોય નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** અરજદાર/આરોપીની બી. એન. એસ. એસ.ની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવાની હાલની અરજી **મંજૂર** કરવા માં આવે છે.

**(૨)** અરજદાર/આરોપી–રાહુલ જગાભાઇ ચૌહાણ,ઉ.વ.આ.૨૨, ધંધોઃ હિરા ઘસવાનો, રહે. કોદીયા, તા. ગીર–ગઢડા, જી. ગીર–સોમનાથનાઓને તાલાલા પો.ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦ ૭૨૫૧૩૭૭/૨૦૨૫ બી.એન.એસ.ની કલમ–૬૪(૧), ૩૫૧(૨) તથા પોકસો એકટની કલમ–૪, ૬ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે અરજદાર/ આરોપીએ **રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર)** પુરાના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી, તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શરતો ::–**

(૧) અરજદાર/આરોપીએ તેમની સામેનો કેસમાં અદાલતમાં દરેક મુદતે નિયમિત હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ તેમને મળેલ સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહીં કે ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે ફરિયાદપક્ષના સાહેદોને લોભ–લાલચ, ધાક–ધમકી કે અન્ય કોઇપણ પ્રકારે પ્રલોભન આપી ફોડવાનો પ્રયત્ન કરવો નહીં.

**(૩)** અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું મોબાઈલ નંબર સહિત રજૂ કરવુ અને તેમાં કોઇ ફેરફાર થાય તો કોર્ટને જાણ કરવી.

**(૪)** અરજદાર/આરોપીએ જામીન તથા જાતમુચરકા અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરવા.

**(૫)** અરજદાર/આરોપી હાલ જેલમાં હોય, તેઓને આ હુકમની જાણ કરતી યાદી, સંબંધિત જેલ ઓથોરીટીને ઇમેઇલ દ્વારા કરવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડીશ્નલ સેશન્સ જજ
ગીર–સોમનાથ, મુ. વેરાવળ
કોડ નં. જીજે૦૦૭૫૬